# ઇસ્લામ અને ઔરત

મુફ્તી ફુઝેલુરહમાન ઉસ્માની
પંજાબ, ભારત

અનુવાદ : મેમણ અ.વહીદ
મો.મદની મેમો.હાઈસ્કૂલ જંબુસર

પ્રકાશક :
જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

વેબ રજૂઆત :
WWW.SUVAAS.BLOGSPOT.COM

● *ઈસ્લામ અને ઓરત*

● સંપાદક : મવ.ફુઝૈલુર્રહમાન હિલાલ ઉસ્માની દા.બ.

● પ્રત:૧૦૦૦

● પ્રકાશક:

મુફ્તી અહમદ દેવલ્વી

કન્વીનર ઈસ્લાહે મુઆશરહ કમીટી

***મુસ્લિમ પર્સનલ લો બોર્ડ, દક્ષિણ ગુજરાત.***

C/O જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

મુ.પો. જંબુસર, જિ.ભરૂચ, ગુજરાત,

પીન:૩૯૨૧૫૦,

ફોન : ૨૨૦૭૮૬–૨૨૦૨૮૬

ફેકસ: ૨૨૨૬૭૭

**www.jamiahjambusar.com**

***e mail: jamia@satyam.net.in***

| | | |
|---|---|---|
| ૧. | પ્રારંભિક | |
| ૨. | કાનૂની આદેશો અને સંસ્કારિક તાલીમ.. | |
| ૩. | સ્ત્રીનું કાયમી સ્થાન | |
| ૪. | માનવીય સમાનતા | |
| ૫. | કિસાસ (બદલા) અને માફીમાં સમાનતા | |
| ૬. | દુશ્મન સાથે કરાર–સુલેહ કરવાનો અધિકાર | |
| ૭. | વારસાઈમાં હકક | |
| ૮. | ભરણપોષણની માલી જવાબદારી પતિ પર | |
| ૯. | મહેરનો હક | |
| ૧૦. | ઈઝઝત અને આબરૂની રક્ષા | |
| ૧૧. | નિકાહની આઝાદીનો હક | |
| ૧૨. | ઓલાદનું ભરણ પોષણ | |
| ૧૩. | જ્ઞાનપ્રાપ્તિ | |
| ૧૪. | નમાઝોમાં છૂટછાટ | |
| ૧૫. | નમાઝ બાજમાઅતમાં છૂટ | |
| ૧૬. | જુમ્અહ–ઈદમાં છૂટ | |
| ૧૭. | શ્રુંગાર અને સોનાની છૂટ | |
| ૨૨. | સ્થાન અને દરજો | |
| ૨૩. | સ્ત્રી પુરૂષનો તફાવત | |
| ૨૪. | અકકલ–ધર્મ | |

# પ્રારંભિક

ઓલ ઈન્ડીયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ, ભારતના મુસ્લિામોનું બહોળું પ્રતિનિધિત્વ કરતી રાષ્ટ્રીય સંસ્થા છે. જે મુસ્લિમોના ઉત્થાન તેમજ મુસલમાનોની ધાર્મિક – સામાજિક બાબતોમાં યોગ્ય માર્ગદર્શન અને રક્ષાનું મહત્વનું કાર્ય કરે છે.

માર્ચ ૨૦૦૩ના એના વાર્ષિક સંમેલનમાં નકકી કરવામાં આવ્યું કે મુસ્લિમોમાં 'ઈસ્લાહે મુઆશરહ'ની તાતી જરૂરતને અનુલક્ષીને આ વિષયે એક સર્વગ્રાહી ચળવળ ચલાવવામાં આવે, અને મુસ્લિમ સમાજને લગતી દરેક બાબતે સમાજને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે, એ માટેના પ્રયત્નો પણ સર્વસામાન્ય અને વિવિધ પ્રકારના હોય, જેમ કે તકરીર, બયાન, વઅઝ, જલ્સાઓ, પુસ્તિકાઓ, પરચાઓ વહેંચવામાં આવે, આવા કાર્યો કરતા માણસો અને સંસ્થાઓને પ્રોત્સાહન આપવામાં આવે, એ માટે 'પર્સનલ લો બોર્ડ'નું લેબલ હોવું પણ આવશ્યક નથી.

આ આધારે દેશભરમાં પર્સનલ લો બોર્ડના સભ્યો અને અન્ય સંસ્થાઓ દ્વારા ઈસ્લાહે મુઆશરહને લગતી વિવિધ પ્રવૃતિઓ, સેવાકાર્યો, અને સુધારણા અભિયાનો ચલાવવામાં આવે છે.

ભારતની જ બીજી એક રાષ્ટ્રીય સંસ્થા 'જમીઅતે ઉલમાએ હિંદ' દ્વારા પણ ઈસ્લાહે મુઆશરહના કાર્યો વરસોથી ચાલતા આવ્યા છે, અને જમીઅતથી સંકલિત હોવાથી આવા કાર્યોમાં મુજ નાચીઝની દિલચસ્પી વરસોથી છે.

પર્સનલ લો બોર્ડથી સંકલિત હોવાથી ગુજરાતમાં અને વિશેષ

કરી દક્ષિણ ગુજરાતમાં ઈસ્લાહે મુઆશરહની પ્રવૃતિઓને વેગ આપવાની ઝિમ્મેદારી મુજ નાચીઝ પર નાંખવામાં આવી. બીજી તરફ

આ જ હેતુ અને મકસદ આપણા 'જામિઅહ'નો પણ છે, અને આવી પ્રવૃતિઓ જામિઅહ દ્વારા પણ થતી જ રહે છે.

આ જ નેક હેતુથી જામિઅહ દ્વારા હવે આ બાબતે નાની પુસ્તિકાઓ પ્રકાશિત કરવાનો સિલસિલો શરૂ કરવામાં આવ્યો છે, અને હાલમાં ત્રણ પુસ્તિકાઓ પ્રકાશિત કરવામાં આવી રહી છે, (૧) રસ્તાના હકો. (૨) ઈસ્લામ અને તલાક (૩) ઈસ્લામ અને ઓરત.

મુસલમાન બિરાદરોથી ગુઝારિશ છે કે સમાજને ઈસ્લામી રીત રિવાજ મુજબ ચલાવવાનું મહત્વ સમજે અને ખોટા રિવાજો, માન્યતાઓ, બંધનોને તિલાંજલી આપી ઈસ્લામી માહોલ ઉભો કરે જેથી મુસલમાનો માટે ઈસ્લામને અનુસરવું સરળ થાય અને અન્યો સમક્ષ ઈસ્લામનું સાચું પ્રતિબિંબ રજૂ થાય અને ગલત ફહમીઓ દૂર થાય.

*વસ્સલામ*

*મુફતી અહમદ દેવલ્વી*

*જામિઅહ જંબુસર*

بسم الله الرحمن الرحيم

અલ્લાહ તઆલાએ સમગ્ર સુષ્ટિનું સર્જન કરી તેમાં એક જાત માનવીઓની બનાવી, ત્યાર પછી માનવોની પુરૂષ અને સ્ત્રી એમ બે ભાગોમાં વહેંચણી કરી.

وَمِنْ آيَاتِهِ أَنْ خَلَقَ لَكُم مِّنْ أَنفُسِكُمْ أَزْوَاجا

અને એની નિશાનીઓમાંથી એ છે કે તેણે તમારા માટે તમારી જાતમાંથી તમારૂં જોડુ બનાવ્યું.

وَخَلَقَ مَنْهاَ زَوجَهَا

અને એ ઈન્સાન (મનુષ્ય)ના જીવમાંથી જ મનુષ્યનું જોડું બનાવ્યું.

પુરૂષનું અસ્તિત્વ જીવન માટે જેટલું મહત્વનું છે એટલું જ મહત્વ સ્ત્રીના અસ્તિત્વનું પણ છે. સ્ત્રી હોય કે પુરૂષ દરેકને તેના અસ્તિત્વ માટે એક બીજાની એટલી જરૂરત છે જેટલી કે માણસના જીવનને ટકાવી રાખવા માટે ઓકિસજન વાયુ અને નાઈટ્રોજન વાયુની જરૂરત હોય છે. આમ સ્ત્રી પુરૂષ બન્નેવ પોત–પોતાની જગ્યાએ મહત્વ ધરાવે છે.

હકકો અને જવાબદારીઓના વિભાજનમાં કુદરતે ઘણા ન્યાય સાથે કામ લીધુ છે. દરેક જાતિનો જે સ્વભાવ કુદરતે બનાવ્યો છે, એમાં જેટલી આવડત અને સમજદારી મૂકી છે તે પ્રમાણે જ તેના હકકો અને જવાબદારીઓ રાખી છે. મનુષ્ય જાતિના બન્ને પાત્રો પુરૂષ અને સ્ત્રીના સબંધમાં કુઆન મજીદ અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ

સલ્લમની હદીષોથી એક તો એ જાણવા મળે છે કે બન્નેવના કાનુની અને બંધારણીય હકકો છે, અને બીજુ એ કે બંધારણીય હકકોની અદાયગી માટે આદેશો પણ છે.

### *કાનૂની આદેશો અને સંસ્કારીક તાલીમની તુલના :*

એક વાત મહત્વની આ છે કે બંધારણ, ઈસ્લામી આદેશો અને સંસ્કારની તાલીમ તેમજ આદેશોમાં સંપુર્ણ સમાનતા રસૂલ દ્વારા, અલ્લાહ તઆલાના આદેશો મારફતે જ આવે છે, અને આમ ખુદાઈ અને નબવી માર્ગદર્શનથી માનવીના સ્વભાવ અને સંસ્કારિક પાબંદીઓ દરમિયાન સમતોલન જળવાઈ રહે છે.

આ વાત એક ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરીએ છીએ...

હઝરત ઈસા મસિહ (અલૈ.) અને ખાતિમુલ અમ્બિયા હઝરત મુહમ્મદ (સ.અ.વ.) ના સંસ્કારિક શિક્ષણમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે :

" જેને ખુદાએ જોડયો છે તેને માણસ અલગ કરી શકતો નથી"

(ઈન્જીલ મતા : ૧૯–૬)

હઝરત ઈસા (અલૈ.)નો બીજો આદેશ છે :

" જે કોઈ પોતાની પત્નિને હરામકારી સિવાય બીજા કોઈ કારણે છોડી બીજા નિકાહ કરે છે તો તે ઝિના કરે છે. " (મતા : ૧૯ – ૯)

હઝરત ઈસા (અલૈ.)નું ફરમાન ઈસ્લામી હુકમ નથી, પરંતુ સંસ્કારિક માર્ગદર્શન છે જેનો ધ્યેય તલાકથી બચવું છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.)એ ખુબ તાકીદ સહિત તલાકથી બચવાનો આદેશ આપ્યો છે.....

હઝરત ઈબ્ને ઉમર (રદિ.) રિવાયત કરે છે અલ્લાહના રસુલ (સ.અ.વ.)એ ફરમાવ્યું

أبغض الحلال إلى الله الطلاق

*(અબૂ દાઉદ, મિશ્કાત : બાબુલ્ખુલ્અ વત્તલાક ભાગ: ૧ / ૨૮૩)*

અલ્લાહ તબારક વ તઆલાની નજરમાં જાઈઝ કામોમાં સૌથી વધુ નાપસંદ કામ તલાક છે.

ઉપરના ફરમાનનો સંબંધ સંસ્કારીક આદેશો સાથે છે. આ આદેશોમાં લોકોને તાલીમ આપવામાં આવી છે કે શરીઅતના કાનૂનો પર ચાલવા માટે ઉપરોકત વર્ણન કરેલ આદેશોને નજર સમક્ષ રાખવામાં આવે અને તેના કાનુની હકકોને સપુર્ણ સાવધાની પૂર્વક અમલમાં લાવવા જોઈએ.

'સેંટ પોલે' હઝરત ઈસા (અલ.)ના આ સંસ્કારીક આદેશોનું બંધારણ ઘડીને એ વાત પર પાબંદી લગાવી કે એક વખત નિકાહ થયા પછી કદી તલાક થઈ શકતી નથી.

પણ વાસ્તવિકતા એ છે કે કાનુનનું સાચુ માર્ગદર્શન પયગમ્બર જ આપી શકે, આ કાર્ય ઉમ્મતીઓએ કરવાનું હોતુ નથી. માટે જ આમ નિયમ ઘડવામાં 'સેંટ પોલ' ગોથું ખાય ગયા.

## સ્ત્રીનું સ્થાન :

આવો , આપણે જોઈએ કે ઈસ્લામે સ્ત્રીને શું સ્થાન આપેલ છે અને તેણીને કુટુંબ અને સમાજમાં કેવું સ્થાન અને મહત્વ આપ્યું છે.

### ૧) સ્ત્રીનું કાયમી સ્થાન :

પ્રથમ વાત તો એ કે ઈસ્લામે સ્ત્રીને નોખું અસ્તિત્વ અને તેના પતિથી અલગ મહત્વ આપ્યુ છે. તેને માત્ર પતિની પૂછડી નથી બનાવી કે જેથી તે પોતાના અસ્તિત્વને પતિના અસ્તિત્વમાં ભેળવાયને તેનું અસ્તિત્વ ખોઈ નાંખે. જેમ કે તેણી તેના ધન–દોલતની પોતે જ માલિક છે. તેમાં વહીવટ કરવાનો પૂરેપૂરો કાનૂની અને ઈસ્લામી હક તેનો જ છે,

لِّلرِّجَالِ نَصِيبٌ مِّمَّا اكْتَسَبُواْ وَلِلنِّسَاء نَصِيبٌ مِّمَّا اكْتَسَبْنَ

(نساء ۳۲)

પુરૂષો માટે તેની કમાણીનો અને સ્ત્રીઓ માટે તેની કમાણીનો ભાગ છે.

***૨) માનવીય સમાનતા :***

માનવીય સમાનતાની દ્રષ્ટિએ પુરૂષ અને સ્ત્રીમાં કોઈ ફરક નથી. આખિરતમાં ષવાબની દ્રષ્ટિએ બન્ને બરાબર છે.

مَنْ عَمِلَ صَالِحاً مِّن ذَكَرٍ أَوْ أُنثَى وَهُوَ مُؤْمِنٌ فَلَنُحْيِيَنَّهُ حَيَاةً طَيِّبَةً
وَلَنَجْزِيَنَّهُمْ أَجْرَهُم بِأَحْسَنِ مَا كَانُواْ يَعْمَلُون

જે કોઈ પણ નેક કાર્ય કરશે , ભલેને તે પુરૂષ હોય કે સ્ત્રી, અમે (આ દુનિયામાં) તેને પવિત્ર જીંદગી આપીશું, અને (આખિરતમાં પણ) આવા લોકોને તેમના સારા કામોનો બદલો આપવામાં આવશે. (નહલ : ૯૭)

સ્ત્રીમુકિત માટે પુરૂષની મોહતાજ નથી. જેવી રીતે કે કેટલાક ધર્મોમાં ખોટા અકીદાને કાયમ કરી લેવામાં આવ્યો છે.

وَلَهُنَّ مِثْلُ الَّذِئ عَلَيْهِنَّ بِالْمَعْرُوفِ (بقره : ۲۲۸)

સ્ત્રી માટે સામાન્ય રીતે એવા જ અધિકારો છે જેવા પુરૂષોના એના ઉપર છે.

***3) કિસાસ (બદલા) અને માફીમાં બરાબરી :***

ઈસ્લામમાં કિસાસ એટલે કે ખૂનના બદલામાં ખૂનનો કાયદો છે, એમાં પણ પૂરૂષ અને સ્ત્રી બન્ને બરાબર છે, જે કોઈ પુરૂષ કોઈ સ્ત્રીને કતલ કરી નાખે તો તેના બદલામાં પુરૂષને કતલ કરવામાં આવશે.

يَا أَيُّهَا الَّذِيْنَ آمَنُواْ كُتِبَ عَلَيْكُمُ الْقِصَاصُ فِيْ الْقَتْلَى الْحُرُّ بِالْحُرِّ
وَالْعَبْدُ بِالْعَبْدِ وَالأُنثَى بِالأُنثَى

એ લોકો જે ઈમાન લાવ્યા છો, તમારા માટે કતલની ઘટના

સંબંધી કિસાસ (ખૂનનો બદલો ખૂન)નો હુકમ આપવામાં આવ્યો છે. આઝાદ આદમીના બદલામાં આઝાદ, ગુલામના બદલામાં ગુલામ. અને સ્ત્રીના બદલામાં સ્ત્રીથી કિસાસ.(ખૂનનો બદલો ખૂન) લેવામાં આવે.*(બકરહ: ૧૭૮)*

હઝરત ઉમર ફારૂક રદિ.એ એક સ્ત્રીની હત્યાના બદલામાં કેટલાય પુરૂષોને કત્લ કર્યો કે જેઓ તે સ્ત્રીની હત્યામાં ભાગીદાર હતા.

આ કાયદામાં બીજું એક પાસું એ પણ છે કે મરનારના વારસદારો મારનારને માફ કરવા ચાહે તો માફ પણ કરી શકે છે. એ જ આધારે સ્ત્રીને પણ આ અધિકાર છે કે તે પોતાના સ્વજનને મારનારને માફ કરી દે.

فَمَنْ عُفِیَ لَهُ مِنْ أَخِیهِ شَیْءٌ فَاتِّبَاعٌ بِالْمَعْرُوفِ

જો કોઈ કાતિલની સાથે એનો ભાઈ કંઈક નરમી કરવા તૈયાર હોય તો સામાન્ય રીતે તેને દિલાસો આપવો જોઈએ.(બકરા : ૧૭૯)

### ૪) દુશ્મનને આશરો આપવાનો હક સ્ત્રીઓને પણ છે :

યુધ્ધના મેદાનમાં કોઈ દુશ્મનને આશરો આપવાનો હક સ્ત્રીને પણ છે. રસુલુલ્લાહ (સ.અ.વ.)નુ ફરમાન છે.

" નિશંક દુશ્મન કૌમને સ્ત્રી આશરો આપી શકે છે"

ફતહે મકકાના દિવસે ઘટેલી ઘટના જાણીતી છે કે,

હઝરત ઉમ્મે હાની રદિ. બિન્તે અબુતાલિબ (હઝરત અલી રદિ.ની બહેન)એ રસુલે કરીમ (સ.અ.વ.)થી અર્ઝ કરી કે યા રસુલુલ્લાહ (સ.અ.વ.) મેં ઈબ્ને 'બીરા'ને આશરો આપ્યો છે. પરંતુ અલી રદિ. કહે છે કે તેઓ તેને કતલ કરીને રહેશે, આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું કે ઉમ્મે હાની તમે જેને આશરો આપ્યો છે તેને અમારો પણ આશરો છે.

***૫) પતિની પસંદગીનો હકક :***

વિવાહ બાબતમાં પણ સ્ત્રીનું પૂરૂં ધ્યાન રાખીને સ્ત્રીની મંજૂરીને આવશ્યક ઠરાવવામાં આવી છે, તેની મરજી વિરૂઘ્ધ કોઈને અધિકાર નથી કે તેના વૈવાહિક જીવનમાં કોઈ પણ જાતનો ફેંસલો કરે.

એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે સ્ત્રીની મંજુરી નિકાહનો આધાર છે . જે વગર નિકાહનું અસ્તિવ શકય નથી.

નબી (સ.અ.વ.)નું ફરમાન છે કે,

કુંવારી છોકરીના નિકાહ બાબતે તેની સંમતિ અને મંજુરી મેળવવામાં આવે.

***૬) વારસાઈમાં હકક:***

વારસામાં પિતા, પતિ અને ઔલાદની તરફથી ભાગીદાર બનાવવામાં આવી છે.

لِّلرِّجَالِ نَصيبٌ مِّمَّا تَرَكَ الْوَالِدَان وَالأَقْرَبُونَ وَلِلنِّسَاء نَصِيُبٌ مِّمَّا
تَرَكَ الْوَالِدَان وَالأَقْرَبُونَ مِمَّا قَلَّ مِنْهُ أَوْ كَثُرَ نَصِيْباً مَّفْرُوضا

પુરૂષોનો તે માલમાં હિસ્સો છે જે માં–બાપ તેમજ નજીકના સગાઓએ છોડયો હોય, અને સ્ત્રીઓનો તે માલમાં હિસ્સો છે જે માં–બાપ તેમજ નજીકના સગાઓએ છોડયો હોય, ચાહે તે ઓછો હોય કે વધારે અને તે ભાગો અલ્લાહ તરફથી નકકી કરવામાં આવ્યા છે. (સુરએ નીસાઅ :૭)

***૭) ભરણ પોષણની માલી જવાબદારી પતિ પર :***

પત્નિની અને ઔલાદની ભરણપોષણની જવાબદારી પતિ પર નાંખવામાં આવી છે.

وَعلَى الْمَوْلُودِ لَهُ رِزْقُهُنَّ وَكِسْوَتُهُنَّ بِالْمَعْرُوف

બાળકના પિતાએ તેની શકિત મુજબ માંને ખાવાનું તથા કપડાં

આપવા પડશે.(સૂરએ બકરહ: ૩૨)

હજજતુલ વિદા સમયે આપ (સ.અ.વ.)એ ઈરશાદ ફરમાવ્યો:

لهن عليكم رزقهن و كسوتهن بالمعروف

નિયમાનુસાર તે સ્ત્રીઓનું ખાવાનું તથા કપડા લતાની જવાબદારી તમારા પુરૂષો ઉપર છે.

***૮) મહેરનો હકક :***

સ્ત્રીને મહેરની હકદાર બનાવવામાં આવી છે અને મહેરને ઈબાદત ગણવામાં આવી છે. માટે જ જો સ્ત્રી પુરુષ તેમની સંમતિથી પણ મહેરને છોડી દેવા માંગે તો સહીહ નથી.

હિદાયામાં છે કે,

મહેર ઈસ્લામી કાનુની અનુસાર વાજીબ છે. જેથી નિકાહની પ્રતિષ્ઠતાનો ઈઝહાર થાય. (ભાગ: ૨ / ૩૦૩)

હદીષમાં છે કે

من تزوج امرأة بصداق ينوى أن لايؤديها فهو زان و من ادان دينا أن لا يقضى فهو سارق

જે કોઈએ મહેર નકકી કરી કોઈ બીજીથી નિકાહ કર્યા અને નિય્યત એવી રાખી કે તે મહેર તે અદા નહીં કરે તો તે વાસ્તવમાં વ્યાભિચારી છે અને જેણે કર્ઝ લીધુ એ નિય્યતથી કે કર્ઝ અદા કરશે નહીં તો તે વાસ્તવમાં ચોર છે.

*(મુસ્નદે અહમદ )*

જેણે જાણી જોઈને મહેર અદા કરવાની પરવા ન કરી, નબી (સ.અ.વ.)એ એવા માણસની જનાઝાની નમાઝ પઢવાનો ઈન્કાર કર્યો.

આ બન્ને રિવાયતોમાં સંસ્કારી માર્ગદર્શન અને મહેરનું મહત્વ બતાવવામાં આવ્યું છે. મહેર એક એવી જરૂરી વસ્તુ છે જેને અદા કરવી જ જોઈએ. મહેર મોહબ્બતની ચાવી છે. નિકાહની અગત્યતા અને

સ્ત્રીની પ્રતિષ્ઠાને પ્રગટ કરે છે. મહેર વળતર અને કિંમત નથી. કીંમત આપીને મેળવેલી વસ્તુ મિલ્કત બની શકે છે, મહબૂબ નથી હોઈ શકતી. કુર્આન મજીદમાં છે કે .....

فَاتُوهُنَّ أُجُورَهُنَّ فَرِيضة

એની મહેરનો ફર્ઝ સારી રીતે અદા કરો.*(સુરએ નિસાઅ્ :૨૨)*

બીજા ધર્મોમાં સ્ત્રીને વારસાથી વંચિત કરવા માટે દહેજની પ્રથાને સામે રાખી. ઈસ્લામના કાનુની મહેર અને વારસાના અધિકારની તુલના કરીને ઈસ્લામની આ નેઅમતની કદર કરવી જોઈએ, ના કે બીજાની નકલ કરી આ નેઅમતની નાકદરી કરવામાં આવે.

### *૯) ઈઝઝત અને આબરૂની રક્ષા :*

ઈઝઝત અને આબરૂ માણસની મોટામાં મોટી પૂંજી છે. એ સાચવવાની વ્યવસ્થા ઈસ્લામ ધર્મે ખૂબ સાવચેતી પૂર્વક કરી છે. સ્ત્રીને કલંકિત કરવાની કોશિશ અને તેના પર ખરાબ આક્ષેપો મુકનાર માટે કુર્આનમાં ભારે સઝાઓ નકકી કરવામાં આવી છે.

وَالَّذِينَ يَرْمُونَ الْمُحْصَنَاتِ ثُمَّ لَمْ يَأْتُوا بِأَرْبَعَةِ شُهَدَاءَ فَاجْلِدُوهُمْ
ثَمَانِينَ جَلْدَةً وَلَا تَقْبَلُوا لَهُمْ شَهَادَةً أَبَداً وَأُوْلَئِكَ هُمُ الْفَاسِقُونَ

અને જે લોકો પાક દામન સ્ત્રીઓ પર આક્ષેપો મૂકે છે અને ચાર ગવાહ ન લાવે તેને એંસી કોરડા મારો અને તેની ગવાહી માન્ય ન રાખો તે પોતે જ ફાસિક છે. *(સૂરએ નુર : ૪)*

એની સાથે એ પણ તાલીમ આપી કે સ્ત્રી પણ સ્ત્રી બનીને રહે, પોતાને સજાવી શણગારી બીજા પુરૂષોને પોતાના તરફ આકર્ષિત ન કરે. શરમ અને હયા તેના ઘરેણા અને ઈઝઝત– આબરૂ તેનો તાજ છે. ઈસ્લામી કાનૂન મુજબ પરદાને તેની પાર્શ્વભૂમિકા સાથે જોવો જોઈએ, નહિ કે તેને કેદ અને બંધનની દ્રષ્ટિએ જોવામાં આવે.

### *૧૦) નિકાહની આઝાદીનો હક:*

ઈસ્લામની નજરમાં નિકાહનો સંબંધ એક મજબૂત અને પવિત્ર બંધન છે, કોશિશ કરવા છતાં પણ જો આ સંબંધ કોઈ કારણોસર પોતાના ધ્યેય સુધી પહોંચવા સફળ થતો ન હોય તો મરેલી લાશને ખેંચવા કરતાં તેના યોગ્ય નિકાલ કરવા માટે એ સંબંધને પૂરો કરવો જોઈએ. એ માટે જ અલ્લાહ તબારક વ તઆલાએ પતિને તલાકનો અધિકાર આપ્યો છે. તલાકનો અર્થ એ છે કે જે હકકો પતિને આ શાદીથી પ્રાપ્ત થયા હતા તે તેનાથી નષ્ટ થઈ ગયા. કોઈવાર એવું બને છે કે પતિ તરફથી અત્યાચાર હોય છે, છતાં તે આ સંબંધ તોડવા અને તલાક આપવા માટે તૈયાર નથી હોતો, આવી હાલતમાં સ્ત્રી તરફથી શાદીનો સંબંધ તોડવાનો એક વિકલ્પ રહે છે અને તે છે 'ખુલ્અ'. અને જો તેમ કરવાથી પણ ઓરતને તે મરદથી છુટકારો ન મળે તો પત્નિને અધિકાર છે કે તે ઈસ્લામી અદાલતમાં રજુઆત કરે અને અદાલત એ નિકાહને તોડી નાખીને નિકાહના સંબંધને નષ્ટ કરી દે.

જો કે પતિને પ્રત્યક્ષ રીતે અને સ્ત્રીને પરોક્ષ રીતે અલગતા અને સ્વતંત્રતાનો હક આપવામાં આવ્યો છે. તલાક ચાહે પ્રત્યક્ષ રીતે પતિની તરફથી હોય કે પરોક્ષ રીતે ઈસ્લામી અદાલત દ્વારા, જે મહેર અને ભેટ પતિ તરફથી આપવામાં આવી છે તે પરત નહિં થાય. એટલું જ નહિ બલકે તેણીના ઈદ્દતના ખર્ચની જવાબદારી પતિની રહેશે, અને જો પતિવધારે સંપત્તિ ધરાવતો હોય તો આવી  હાલતમાં કંઈને કઈ પતિએ વધારે આપવું પડશે.

### *૧૧) ઔલાદનું ભરણ-પોષણ :*

ઈસ્લામે સ્ત્રી માટે ઔલાદના પાલન પોષણના ભાવનાત્મક હકકને

સ્વીકર્યો છે, છતાં આ વાત તેના ઉપર ફરજિયાત લાગુ નથી કરી, ઉપરાતં ભરણ – પોષણ કરવાની સુરતમાં પણ ખર્ચ શોહરના માથે નાખવામાં આવ્યો છે. અહીયાં સુધી કે તે બાળકને દૂધ પીવડાવવાની પણ ના પાડી શકે છે. (હિદાયા : ભાગ : ૨ / ૪૨૪ )

***૧૨) જ્ઞાન પ્રાપ્ત કરવું :***

જ્ઞાન પ્રાપ્તિના રસ્તાઓ પુરૂષોની જેમ સ્ત્રીઓ માટે પણ ખુલ્લા છે.

طلب العلم فريضة على كل مسلم

દરેક મુસલમાન માટે ઈલ્મ પ્રાપ્ત કરવું જરૂરી છે તેમાં સ્ત્રીઓ પણ દાખલ છે. બલ્કે કેટલીક રિવાયતોમાં તો સ્પષ્ટ રીતે 'મુસ્લિમ મર્દ અને ઓરત' એમ સ્પષ્ટ શબ્દોમાં બન્ને પર જ્ઞાનપ્રાપ્તિ આવશ્યક કરાર દેવામાં આવી છે. આનાથી વિપરીત કેટલાક ધર્મોમાં આજે પણ ધાર્મિક પુસ્તકોનું વાચન તો શું તેનો સ્પર્શ પણ સ્ત્રીઓ માટે જાઈઝ નથી. આજ કારણથી મોટી મોટી આલિમ સ્ત્રીઓ ઈસ્લામની છાયામાં જ્ઞાન પ્રાપ્ત કરીને મોટા સ્થાનો પર પહોંચી. રસુલુલ્લાહ (સ.અ.વ.)ના પત્નિ હઝરત આયેશા રદિ. ઈલ્મ પ્રાપ્તિ ક્ષેત્રે ખાસ સ્થાન ધરાવતા હતા.

***૧૩) ખાસ દિવસોમાં નમાઝની છૂટછાટ :***

ઈસ્લામમાં નમાઝ એવી ઈબાદત છે કે જે કોઈ પણ હાલતમાં છોડી શકાતી નથી. પરંતુ સ્ત્રીની સ્વાભાવિક જરૂરતને ધ્યાનમાં રાખીને તેને માસિક દરમિયાન નમાજથી છુટ આપવામાં આવી છે. પરંતુ રમઝાનના રોઝા વર્ષમાં એક જ વાર આવતા હોઈ છુટેલા રોઝાને ફરી કઝા કરવાનો હુકમ આપવામાં આવ્યો છે.

હઝરત અનસ બિન માલિક કઅબી રદિ. રિવાયત કરે છે કે

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું :

અલ્લાહ તઆલા એ મુસાફરની અડધી નમાઝ ઓછી કરી દીધી છે. (એટલે કે ચાર રકાત ફર્ઝ નમાઝમાંથી બે રકાત માફ કરી દીધી છે) અને તેને રોઝા છોડવાની પણ પરવાનગી આપી દીધી છે એવી જ રીતે દૂધ પીવડાવનારી અને સગર્ભા સ્ત્રીને પણ રોઝા છોડવાની પરવાનગી આપી છે. (અબુદાઉદ, નસાઈ, ઈબ્ને માજહ, મિશ્કાતઃ ૧૭૮)

***૧૪) સ્ત્રીઓ માટે જમાઅતમાં શામેલ થવુ જરૂરી નથી :***

ઈસ્લામમાં નમાઝ માટે જમાઅતનું ઘણું મહત્વ છે, અને તે બાબત ખુબ જ આગ્રહ કરવામાં આવ્યો છે. પાંચ વખતની નમાઝ સ્ત્રીઓને પોતાના ઘરમાં પઢવાનો હુકમ કરવામાં આવ્યો, આમાં તેને જમાઅતનો સવાબ મળી જશે, એટલે કે ઓછી મહેનતે પણ એને વધારે સવાબ મળશે.

***૧૫) જુમ્આ અને ઈદોની નમાઝ જરૂરી નથી :***

જુમ્આની નમાઝની મહત્વતા બીજી નમાઝો કરતાં વધુ છે, અઝાન થતાંની સાથે જ બધા જ કાર્યોને છોડવાનો હુકમ છે.

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا إِذَا نُودِىَ لِلصَّلَاةِ مِن يَوْمِ الْجُمُعَةِ فَاسْعَوْا إِلَى ذِكْرِ اللَّهِ وَذَرُوا الْبَيْعَ .

જયારે જુમ્આની નમાઝ માટે પોકારવામાં આવે તો જલ્દીથી નમાઝ માટે પહોંચી જાઓ અને લેવડ – દેવડ છોડી દો. (સૂરએ જુમ્અહ )

પરંતુ સ્ત્રીઓ ઉપર ન તો જુમ્આ જરૂરી છે ન તો ઈદની નમાઝ.

***૧૬) ઈમામત :***

સ્ત્રીના નાઝુક સ્વભાવના કારણે ન તો શરીઅતે તેના ઉપર ઈમામતે સુગરા (નમાઝની ઈમામત) નો ભાર નાખ્યો છે ન તો ઈમામતે

કુબરા (હુકુમત ચલાવવા)નો ભાર.

***૧૭) શ્રૃંગાર સોનાનો ઉપયોગ :***

સ્ત્રીઓ સ્વાભાવિક રીતે જ શૃંગાર તરફ આકર્ષાય છે, મર્યાદામાં રહીને તે સારું પણ છે, ઈસ્લામે તેનો ખર્ચ પણ પતિ પર નાખ્યો છે. સ્ત્રીને બનાવ શણગાર માટે સોના–ચાંદીના ઘરેણાં પહેરવાની રજા આપી છે. જયારે પુરૂષ માટે સોના–ચાંદીના ઉપયોગની મનાઈ કરવામાં આવી છે.

***૧૮) સ્થાન અને દરજ્જો :***

માતાની દ્રષ્ટિથી સ્ત્રીની તાબેદારી, બહેનની દ્રષ્ટિથી તેની મોહબ્બત, છોકરીની દ્રષ્ટિથી પ્રેમભાવના અને પત્નિની દ્રષ્ટિથી પ્રેમ–મોહબ્બત..

આ છે ઈસ્લામની દ્રષ્ટિએ સ્ત્રીનું સ્થાન અને દરજજો.

***સ્ત્રી અને પુરૂષ વચ્ચેનો તફાવત..***

સ્ત્રીનો કમાલ સ્ત્રી હોવામાં છે.

જયાં સુધી કમાલ અને આવડતનો સંબંધ છે, કોઈ પણ મખ્લુક સંપુર્ણ નથી. અહી કમાલ છે તે સામુહિક છે, નહી તો દરેક મખ્લૂક કોઈની કોઈ રીતે અધૂરી છે. કોઈને સંપૂર્ણ અથવા અધૂરો કહેવામાં આવે છે તો તે એક બીજા સાથે તુલના આધારિત હોય છે. પુરૂષનું હોવું જીવન માટે જેટલું જરૂરી છે, તેટલું સ્ત્રીઓનું હોવું પણ જરૂરી છે. સ્ત્રી હોય કે પુરૂષ દરેક ને પોતાની પરીપૂર્ણતા માટે એક બીજાની જરૂરત છે. મનુષ્યની જાતમાં આ બે જાતિમાં જોઈએ તો અલ્લાહ તઆલા દરેક માણસને નેઅમતમાંથી જોડું અર્પણ કર્યુ. બે હાથ આપ્યા, બે પગ, બે કાન અને નાક જો કે તે એક છે પણ તેમાં બે કાણાં .

જયારે બીજી તરફ સામાન્ય રીતે મનુષ્યની જમણી બાજુ ડાબી

બાજુ કરતાં વધારે મજબુત હોય છે. અને ડાબી બાજુ તેના કરતાં કમજોર હોય છે. શ્રેષ્ઠતાની દ્રષ્ટિએ જોવામાં આવે તો જમણી બાજુને ડાબી બાજુ પર વર્ચસ્વ હોય છે. કોઈ કહી શકશે કે કુદરતના આ વિભાજને માણસની ડાબી બાજુનો હક છીનવી લીધો છે ? આ અપમાન છે ? એ જ પ્રમાણે કોઈ માણસની જમણી બાજુ ના હોય તો તેને બેકાર સમજવામાં આવે છે. કોઈનો ડાબો પગ ન હોય તો સીધો ઉભો રહી શકતો નથી. બેલેંસ જાળવી રાખવા માટે બન્નેનું હોવું ખૂબ જરૂરી છે.

આજ પ્રમાણે જાનવરોમાં પણ જોવામાં આવે છે. નર અને નારીમાં નર શ્રેષ્ઠ હોય છે અને માદા કમજોર, પછી બધાની જવાબદારીઓ વહેંચાયેલી છે. પ્રાણીઓની દૂનિયામાંથી વનસ્પતિની દુનિયામાં આવીએ તો એમાં પણ નર અને નારીનું અસ્તિત્વ છે. ખજુર અને પપૈયાના માદા વૃક્ષો ઉપર ફળો આવે છે. જમીનથી આસમાન તરફ નજર કરીએ તો ત્યાં પણ ચાંદ–સૂરજ તથા જુદા – જુદા પ્રકારના તારાઓ જોવામાં આવશે જેની રચના અને ગુણોમાં વિરોધાભાસ છે.

અર્થ એટલો જ છે કે સારાપણુ સમુહમાં છે, ખામી તો દરેક મખ્લુકમાં હોય જ છે, મનુષ્યનો કમાલ બે વસ્તુમાં હોય છે અકકલ અને ધર્મ.

### ***અકકલ (બુધ્ધિ)***

ધર્મનો કમાલ પણ અકકલના કમાલ પર આધારિત છે, દલીલ એ છે કે લોકો સારી રીતે (જાણે) વાકિફ છે કે નશો અકકલ પર સવાર થઈ જાય છે. ભલે કોઈ ગમે તેટલો બુધ્ધિશાળી કે સમજદાર હોય, પણ નશો તેની બુધ્ધિ પર સવાર થઈ જાય છે.

કુદરત જે કામ સ્ત્રીઓથી લેવા માંગે છે, તે તેનામાં લાગણી વગર

નથી પાર પડી શકતું, સ્ત્રીઓમાં લાગણી અને ભાવના વધારે હોય છે. સ્ત્રીને પ્રત્યક્ષ રીતે અને સામાન્ય રીતે તલાક આપવાનો હક અલ્લાહે આપ્યો નથી એટલા માટે કે તેનો સ્વભાવ બૃધ્ધિ પર છવાઈ જાય છે અને આવી સુરતમાં બૃધ્ધિ સાચો નિર્ણય ન લઈ શકે. લે વડ દે વડના વ્યવહારમાં અકેને બદલે બે સ્ત્રીઓની ગવાહી તેના લાગણીવશ હોવાના અનુસંધાનામાં જોવામાં આવે, તેને સ્ત્રીનું અપમાન ન કહેવાય.

સંતાનના પાલન પોષણ માટે તેનો જોશ, લાગણી, મોહબ્બત વધુ હોવું સ્વભાવિક રીતે જરૂરી છે. પરંતુ આ વધારો કદી કદી બુધ્ધિ પર છવાઈ જાય છે. નિર્ણય શકિતને પ્રભાવિત કરે છે એટલા માટે નિર્ણય લેવાનો અધિકાર તેના ઉતરતી કક્ષાનો છે. તેનાથી તે કામ લેવામાં આવ્યું છે જે કામ તેણીથી લેવું જોઈએ.

## ધર્મ

ધર્મનો અર્થ ખુબ જ વિશાળ છે. મનુષ્યના જીવનના દરેક પાસા ફેલાયેલા છે. ધર્મનો કમાલ એ છે કે માનવી અલ્લાહના હકકો અને મુનષ્યના હકકો બન્નેનો પુરેપુરો લેહાઝ રાખે અને જયાં આ બન્નેમાંથી કોઈ એક બાજુ પણ ઉણપ આવી તો સમજો ધર્મમાં ઉણપ આવી ગઈ. આ રીતે જોઈએ તો, એહસાન – ઉપકાર, આભાર અને શુક્રિયહ એ ધાર્મિક અને માનવીય રીતે આવશ્યક ગુણ છે, પણ ઓરતો એના બદલે નાશુક્રી, અને મહેણા, ટોણા, લઅનત–ફિટકાર વધુ કરે છે, હદીષમાં છે કે તેણીઓ વાત વાતમાં લાઅનત કરવાની આદત ધરાવતી હોય અને પોતાના પતિની ખુબ નાશુક્રી કરતી હોય છે, પતિની નાશુક્રી કરે છે અને આભારી

બનતી નથી.''

માતાના પગની નીચે જન્નતની ખુશખબરી અને સ્ત્રીની સાથે સારી વર્તણુકની પ્રેરણા આપનાર નબી સાહેબ, ખયરૂકુમ ખયરૂકુમ લિઅહલિહ'' (તમારામાં શ્રેષ્ઠ તે છે જે તમારા ઘરવાળાઓ જોડે સારો હોય) ફરમાવે છે, આવા નબી જો સ્ત્રીની કોઈ સ્વાભાવિક કમજોરીનું વર્ણન કરે છે તો તે સ્ત્રીનું અપમાન કહેવાશે નહિ..........................

————————————————————
————————————————————
————————————————————